# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-02-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી પેરિસ સમિટ

પેરિસમાં આયોજિત **AI** એક્શન સમિટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ **AI** ના પરિવર્તનશીલ પ્રભાવ પર પ્રકાશ પાડ્યો **હતો**, શ્રી મોદીએ **AI**ને એક વ્યાખ્યાયિત બળ ગણાવ્યું. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે સમિટના સહ-અધ્યક્ષતાપદે, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે **AI** ભૂતકાળના કોઈપણ તકનીકી સીમાચિહ્નથી વિપરીત છે, જેને શાસન માટે વૈશ્વિક, જવાબદાર અને સમાવિષ્ટ અભિગમની જરૂર છે.

શ્રી મોદીએ આરોગ્યસંભાળ, શિક્ષણ અને કૃષિમાં ક્રાંતિ લાવીને, ટકાઉ વિકાસ લક્ષ્યો તરફ ઝડપી અને વધુ અસરકારક પ્રગતિ કરીને લાખો લોકોના જીવનમાં સુધારો લાવવા માટે **AI** ની ક્ષમતા પર ભાર મૂક્યો **હતો**. તેમણે ટેકનોલોજીનું લોકશાહીકરણ, જન-કેન્દ્રિત એપ્લિકેશનો બનાવવા અને ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં, તમામને **AI**નો લાભ મળે તે સુનિશ્ચિત કરવા **જણાવ્યું હતું.** શ્રી મોદીએ કહ્યું કે મશીનો નહીં, પરંતુ માનવીઓ પાસે **AI** ના ભવિષ્યની ચાવી છે. તેમણે વૈશ્વિક નેતાઓને **AI** વિકાસને જવાબદારીપૂર્વક આકાર આપવા હાકલ કરી **હતી**.

----------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી પરીક્ષા પે ચર્ચા ખાસ એપિસોડ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે 'પરીક્ષા યોદ્ધાઓ' જે સૌથી સામાન્ય વિષયો પર ચર્ચા કરવા માંગે છે તેમાંથી એક વિષય માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનો છે. શ્રી મોદીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં કહ્યું કે, આ વર્ષની પરીક્ષા પે ચર્ચામાં આ વિષય પર ખાસ

એપિસોડ તૈયાર કરવામાં આવ્યો છે, જે આજરોજ પ્રસારિત થશે. આ વિષય પર અભિનેત્રી દિપીકા પદુકોણ વાત કરશે.

પ્રધાનમંત્રીએ દરેક વ્યક્તિને પરીક્ષા પે ચર્ચા 2025ના તમામ આઠ એપિસોડ જોવા અને પરીક્ષા યોદ્ધાઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરી.

---

## મુખ્યમંત્રી શ્રી પટલે વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે ગાંધીનગરમાં ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ 2025-30નો શુભારંભ કરાવ્યો. આ નીતિ અંતર્ગત રાજ્યમાં ઓછામાં ઓછા 250 નવા **GCC**ની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત 10 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ અને 50 હજારથી વધુ નવી રોજગારીની તકોની સંભાવના છે. આ નીતિના પરિણામે રાજ્યમાં 10 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ પણ થશે. **GCC** નીતિનું લક્ષ્યાંક નવીનતાને પ્રોત્સાહન આપવાનું છે.

---

## રાજ્ય આરોગ્ય સા-રજિસ્ટ્રેશન ફરજિયાત

રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.  રાજ્યની તમામ હોસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2024 અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અત્યાર સુધીમાં રાજ્યની ૧૬ હજાર ૬૯૮ જેટલી આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ રજીસ્ટ્રેશન કરાવ્યું, જે પૈકી ૧૪ હજાર ૬૪૭ સંસ્થાઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે. રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્ર વિના કાર્યરત કોઈપણ આરોગ્ય સંસ્થાઓ માટે ૧૦ હજારથી ૫ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ છે.  આ કાયદા હેઠળ તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

---

## ગાંધીધામ સ્થાપના દિવસ

કચ્છની આર્થિક રાજધાની ગણાતા ગાંધીધામ શહેરનો આજે 77 મો સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા ઝંડાચોક ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે આદિપુરમાં ભાઈપ્રતાપ દિયલદાસની સમાધિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને ત્યાર બાદ કેક કાપીને સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. સ્થાપના દિવસ પ્રસંગે  સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન એસઆરસી દ્વારા શહેરના સ્થાપક ભાઇપ્રતાપની સ્મૃતિમાં ભાઇ પ્રતાપ મેમોરિયલ હોલનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

ગાંધીધામના સ્થાપના દિન પ્રસંગે થનારી વિવિધ ઉજવણીમાં જિલ્લા કલેકટર અમિત અરોરા અને મહાનગરપાલિકાના વહીવટદાર સહિત શહેરના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં મહા મહિનામાં જ ઉનાળા જેવો માહોલ અનુભવાઇ રહ્યો છે. મોડી રાત્રિથી વહેલી સવાર સુધી સામાન્ય ઠંડી અનુભવાય છે એ વચ્ચે ગઇકાલે સવારે પશ્ચિમ કચ્છના મોટાભાગના વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાતાં વ્યાપક પ્રમાણમાં વરસેલી ઝાકળવર્ષાથી માર્ગો ભીના બન્યા હતા. જિલ્લા મથક ભુજમાં ભેજનું પ્રમાણ 90 ટકાએ પહોંચતાં સવારના ઝાકળવર્ષાથી માર્ગો ભીના થયા હતા. ભુજમાં 31.9 ડિગ્રી મહત્તમ સામે 16.7 ડિગ્રી લઘુતમ, નલિયામાં 28 ડિગ્રી મહત્તમ સામે 12 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન વાતાવરણમાં મોટા ફેરફાર થવાની સંભાવનાને નકારી છે.

---------------------------------------------------------------------------------